**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૦ ટકા

# સમદર્શન આશ્રમમાં રામનવમીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૯

સમદર્શન આશ્રમ, સેક્ટર-૧, ગાંધીનગર ખાતે પરમ પૂજ્ય ગુરુમા સમાનંદજી સરસ્વતીની પાવન ઉપસ્થિતિમાં રામનવમીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાશે.



રામનવમીએ, ગુરુવારે સવારે ૭:૩૦ વાગ્યાથી રામચરિત માનસના નવાહ્ન પારાયણના છેલ્લા વિશ્રામનો પ્રારંભ થશે. પારાયણની પૂર્ણાહૂતિ બાદ સવારે ૧૧.૦૦ વાગ્યાથી ભગવાન શ્રીરામનું પૂજન થશે. અને બપોરે ૧૨.૦૦ વાગ્યે શ્રી રામ જન્મોત્સવ ઉજવાશે. રામનવમીના મંગલમય અવસરની ઉજવણીનો લાભ લેવા સમદર્શન આશ્રમમાં પધારવા ગાંધીનગરના નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સેક્ટર-૧૨ સ્થિત ડૉ. આંબેડકર ભવનનું તાત્કાલિક રિનોવેશન કરાવવા માંગણી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતેના સેક્ટર-૧૨ માં આવેલ ડા. આંબેડકર ભવન છેલ્લા ચાર(૪) વર્ષથી બંધ છે. બંધ પડી રહેવાના કારણે મોટું નુકશાન થવાથી ભવન ખંડેર હાલતમાં બની ગયેલ છે. એક વર્ષ પહેલા અમારી સંસ્થા દ્વારા અને ગાંધીનગર સ્થિત અન્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા આ ભવનના રિપેરીંગ માટે વારંવાર રજુઆતો કરીને વર્ષ-૨૦૨૨-૨૩માં તત્કાલીન સરકારશ્રી દ્વારા રૂા.૧.૫૦ કરોડ મંજુર કરીને આ રકમ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ, હસ્તક મુકી દેવામાં આવી છે. આ ભવનનું રિનોવેશન કામ તાત્કાલિક થાય તે સારૂ એક વર્ષ પહેલાં તત્કાલીન સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી એ તેમજ હાલના સામાજિક મંત્રીશ્રી એ બે માસ પહેલાં સ્થળ મુલાકાત લઈ સૂચનાઓ આપી છતાં તેનો અમલ થયો નથી. એમ ગાંધીનગર દલિત અધિકાર સંઘનો હોદ્દેદારો - કાંતિભાઈ પરમાર, વી.એલ. જાદવ અને વી.બી. શ્રીમાળી એ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે.

માર્ગ અને મકાન વિભાગ,ગાંધીનગર યોજના વિભાગ દ્વારા ભવનના રિનોવેશન માટે ટેન્ડર પણ પ્રસિદ્ધ કરી દીધેલ હતા. અને એજન્સી પણ નક્કી કરી દીધું હતું. પરંતુ છેલ્લી સ્થિતિ પ્રમાણે માર્ગ અને મકાન વિભાગે રિનોવેશન માટેની રકમ ચાર માસ બાદ વાપર્યા વિના પરત કરેલ છે. આમ, ગાંધીનગર પાટનગર ખાતે આવેલ ડા. આંબેડકર ભવન ના રિનોવેશનનું કામ ભારે વિલંબમાં પડેલ છે, જેના કારણે દલિત સમાજની લાગણી દુભાય છે. તો તાત્લાલિક રિનોવેશન કરાવવા માંગણી છે.




## જન્મદિને વધામણી



**રીની ખંભોળજા**
જીમ ટ્રેનર
૭૩૮૩૨૦૯૧૧૧



**નંદિની એ. દવે**



**રાહી પટેલ, કુડાસણ**



ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સંચાલિત સ્થળે સ્થળે, દરેક સેક્ટર ના બગીચા માં, સ્કૂલો માં યોગ વર્ગો શરૂ કરાયા છે.જેમાં જીઈબી કોલોની, ન્યુ પાર્ટી પ્લોટ ગાંધીનગર ખાતે પણ યોગ ટ્રેનર મનીષાબેન પરમાર દ્વારા નિયમિત અને નિઃશુલ્ક સવારે ૭:૩૦ વાગ્યાં થી ૮:૩૦ વાગ્યાં સુધી દરરોજ જુદા જુદા આસનો, તેના ફાયદા, રોગાનુસાર આસન, મહિલા સસ્કતિકરણ પર મહિલાઓને સ્ટેજ પર નો ડર દૂર કરવાના પ્રયત્નો, વકતૃત્વ સ્પર્ધા માં ભાગ લેનાર ને પ્રથમ, દ્વિતીય, ત્રિતીય ને ઈનામ આપવામાં આવે છે, આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ૫૧ સૂર્યનમસ્કાર, ગણેશઉત્સવ, નવરાત્રી, એરો્બિક, દરેક ઉત્સવો ની ઉજવણી હાસ્યાસાન અમારા વર્ગમાં કરાવવામાં આવે છે. સૌને અનુકૂળ રહે તે માટે સાંજની ૪:૩૦ થી ૫:૩૦ ની બેચ પણ ટૂંક સમયમાં તેજ સ્થળે કરવામાં આવશે તો સર્વે જીઈબી કોલોની, તેમજ આસપાસ રહેતા રહેવાસીઓને વર્ગ માં પધારવા અપીલ કરવામાં આવી હતી.

# ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે રાજ્ય કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

તારીખ ૨૬ માર્ચ ૨૦૨૩ ના રોજ ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા સમર્પણ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની ટેકવોન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પારીંગ અને પૂમશે ઈવેન્ટ માં વિવિધ ઉંમર અને વજન માં ૪૦૦ થી વધુ ખેલાડીઓ એ ભાગ લઈ પોતાના કરતબ બનાવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે પ્રોગ્રામમાં ચીફ ગેસ્ટ તરીકે ગાંધીનગર જિલ્લા શાળાના ઈન્સ્પેકટર મેહુલ સર, તથા ગાંધીનગર હિન્દી સમિતિના અધ્યક્ષ વિક્રમ સર, ઈન્ટરનેશનલ ટેકવોન્ડો, ગુજરાત ના ચીફ અનિલ સર સ્પર્ધામાં હાજર રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તથા સ્કૂલ એડમીન હેમાબેન તથા કેમ્પસ ડાયરેક્ટર પાંડેસર નો આ ઈવેન્ટ માં અમૂલ્ય યોગદાન રહ્યું હતું. સિનિયર કોચ જનક સર, હોન. ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સર , સંસ્થાના કોચ, ઓફિશિયલ, સિનિયર દ્વારા ખૂબ સારો સહકાર પૂરો પાડવામાં આવ્યો હતો. તેમ સંસ્થા ના ટેકનિકલ ડારેકટર જતીન સર દ્વારા જાણવામાં આવેલ તથા ભાગ લેનાર સર્વે ખેલાડીઓ ને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# વાહનની પંસદગીના નંબરોની ઓનલાઈન ઓક્શન પ્રોસેસ જોગ

ગાંધીનગર, તા. ૨૯

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી દ્વારા જાહેર જનતાને જણાવવામાં આવે છે કે અત્રેની કચેરીમાં એઆરટીઓ ગાંધીનગર કચેરી (ટુ વ્હિલરની નવી સિરીઝ GJ-18-DS તેમજ ફોર વ્હીલર કારની જુની સિરિઝ ય્ત્ન-૧૮-ઈ૭ નુ ઓક્શન શરૂ કરવામાં આવનાર છે. આથી પસંદગીના નંબરો માટે રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર ક્રમાંક એમવીપી/ ૧૪૬૨૦૧૨-૯૮/ભાગ-૧/ ૬૧૩૧,તા-૧૭-૦૮-૨૦૧૫ ના રોજ સૂચનાઓ આપવામાં આવેલ છે.આ પરિપત્રની સૂચનાઓ જેવી કે, ગોલ્ડન નંબરો, સિલ્વર નંબરો, બેઝ એમાઉન્ટ, રજીસ્ટ્રેશન ટેક્ષ, સી.એન.એ ફોર્મ વગેરેને મૂળભૂત રિતે યથાવત રાખી વાહન ૪.૦ માં ઉપલબ્ધ નાગરિક કેન્દ્રિત સગવડને લક્ષમાં રાખી સરકાશ્રીએ વાહનના નંબરોની હરાજી પારદર્શક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે મે.વાહન વ્યવહાર કમિશ્નરશ્રીના પરિપત્ર નંઆઈટી/પસંદગી નંબર/ ONLINE AUCTION/ 7421, તાઃ ૧૨/૧૦/૨૦૧૭ની સુચના ONLINE AUCTION થી કરવાનું નક્કી કરેલ છે.

ઓનલાઈન ઓક્શનએ DYNAMIC AUCTION PROCESSES રહેશે. એટલે કે, અરજદારને વેબસાઈટ પર હરાજી પ્રક્રિયા દરમ્યાન વખતો-વખત હરાજીની રકમનો ઉમેરો કરવાનો રહેશે.આ ઉમેરો રૂ/- ૧૦૦૦ ના ગુણાંકમાં વધારવાનો રહેશે. હાલની ONE TIME BIDDING PROCESSES જેમ એક જ વખત BIDD PROCESSES કરી શકશે નહી

ઈ-હરાજી પ્રક્રિયા (૧) રજીસ્ટ્રેશન શરૂ થયા તારીખ- ૧૫/૦૪/૨૦૨૩, ૦૪:૦૦:૦૦ ૅસ, રજીસ્ટ્રેશન પૂરું થયા તારીખ -૧૯/૦૪/૨૦૨૩, 03:59:59 PM (2) હરાજી શરૂ થયા તારીખ - ૧૯/૦૪/૨૦૨૩, ૦૪:૦૦:૦૦ ૅસ, હરાજી પૂરી થયા તારીખ– 21/04/2023, 04:00:00 PM

ઓનલાઈન ઓકશનમાં ભાગ લેનારની જવાબદારીઓ મા ભાગરૂપે અરજદારે મુખ્ય કામગીરી કરવાની રહેશે.આ માટે http:/ parivahan.gov.in/ parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવો.તેમજ સદર વેબસાઈટ પર લોગઈન કરીને વાહન ખરીદીના દિવસ- ૭ ની અંદર ઓનલાઈન સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે.હરાજીની પ્રક્રિયામાં ભાગ લેનારે ચૂકવણું કરવું અને વાહન નંબર મેળવવો. આ માટેની વિગતવાર સૂચનાઓ APPENDIX-A ઉપર આપેલ છે. ( જે કચેરીના નોટીસ બોર્ડ અનવે રજીસ્ટ્રેશન શાખામાં રૂબરૂ જોવા મળશે.) અરજદારે હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવાના રહેશે. જો આ નિયત સમય મર્યાદામાં નાણા ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ રકમ (Base price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. ઓનલાઈન ઓકશનમાં દરમ્યાન અરજદારે આર.બી.આઈ દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચુકવવાનો રહેશે. સિલ્વર નંબર તથા ગોલ્ડ નંબર માટે જરૂરી Base price ચુકવવાની રહેશે.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચના એમએસી વિભાગના માઈક્રોબાયોલોજી અને બાયોટેકનોલોજી ડિપાર્ટમેન્ટના ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ(નાઈપર-એ)ની મુલાકાત લીધી હતી જેમાં વિદ્યાર્થીઓએ રિસર્ચને લગતાં તમામ ઈન્સ્યુમેન્ટ વિશેની માહિતી મેળવી હતી.

# આજે સે. ૩-ડી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૯

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા સાંઈબાબા સેવા ટ્રસ્ટના પ્રમુખ વિક્રમભાઈ પટેલ, મહામંત્રી નરસિંહભાઈ પરમાર, સાંઈબાબા મંદિરના સેવા કાર્યકર્તા મહિલા ભાવસાર પ્રફુલ્લાબેન બાબુલાલના આયોજન થકી તા. ૩૦-૩-૨૩ને ગુરૂવારના રોજ સમય બપોરે ૧ થી ૪ કલાક સુધી આનંદના ગરબામાં ગાંધીનગરના સેક્ટર-૪-એ ના ટી.વી. કલાકાર કાશ્મીરાબેન ગોહિલ આ પ્રસંગને દીપાવવા ઉપસ્થિત રહેશે.



અક્ષર હોમ સોસાયટી ખાતે છાયાબેન ત્રિવેદી દ્વારા આનંદના ગરબાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

## 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

# 'નિષ્કુળાનંદ કાવ્ય-૭ ધીરજાખ્યાન' વિષય પરનું ૧૦૧મું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ભગવાને મારી રક્ષા કેમ ન કરી હું જ મળ્યો મને આ દુઃખ આવ્યું જ કેમ મેં આટલું ભજન કર્યું. સત્સંગ કર્યો અને મને જ, મારા કુટુંબને જ દુઃખ?

આવા પ્રશ્નો ભક્તિ કરનારને થતા હોય છે. હા, આ પ્રશ્નના ઉત્તર માટે જ આ પ્રવચન છે. નબળા મનના ભક્તોને સમજાવવા, ભક્તિ-ઉપાસના દઢ કરાવવા, ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં સત્સંગની દઢતા ટકાવી રાખવા, તેમજ સાચા શૂરવીર ભક્ત બનાવવા માટે આ ધીરજાખ્યાન ગ્રંથ પરનું પ્રવચન છે. ગુજરાતના છેવાડાના જામનગર જિલ્લાના એક નાનકડા શેખપાટ ગામમાં ૨૩૫ વર્ષ પહેલાં જન્મેલ, ઓછું ભણેલ, લાકડું ઘડતાં ઘડતાં વૈરાગ્યની વાતો કરનાર અને ભગવાન સ્વામિનારાયણનો યોગ થતાં સાધુ થઈને ૨૩ થી વધારે ગ્રંથો લખનાર નિષ્કુળાનંદ સ્વામીનો ગ્રંથ એટલે ધીરજાખ્યાન. જેમાં એકવીસ જેટલા પ્રાચીન ભક્તોની ધૈર્યગાથાઓ સ્વામીએ સ્વકલમે આલેખી છે. ઉત્તમ સમજણની સંજીવની એટલે ધીરજાખ્યાન.

કષ્ટો સહન કરી ધીરજ રાખતાં રાખતાં પરમ સુખ-આનંદની અનુભૂતિ માણવા શીખવા માટે, ગ્રંથ વાંચનાર તેમજ સાંભળનાર બંનેને આ લોક-પરલોકમાં સુખી થવા માટે આર્ષ પ્રવનમાળાના આ વખતના મણકાનો લાભ લઈએ. આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૧૦૧ શાસ્ત્ર અંતર્ગત 'નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથ-ધીરજાખ્યાન' વિષય પર પ્રવચનનું આયોજન તા.૦૨–૦૪–૨૦૨૩, રવિવાર સાંજે ૦૫-૦૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન રાખેલ છે. જેમાં આ ધીરજાખ્યાન શાસ્ત્ર ગ્રંથના વિદ્વાન અને અનુભવી ષડદર્શનાચાર્ય, પી.એચ.ડી., ડી.લીટ., આર્ષ શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી પોતાની લાક્ષણિક શૈલીમાં આ વિષય પર પ્રવચન આપશે. સાથે પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીના આશીર્વચનનો પણ લાભ મળશે. આ પ્રવચનનો લાભ લેવા સુજ્ઞ જનતાને ભાવભીનું નિમંત્રણ છે.

# ચૌધરી કોલેજ ખાતે વાર્ષિક મહોત્સવ અને વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના સેક્ટર-૭માં ચૌધરી કોલેજ ખાતે વાર્ષિક મહોત્સવ અને વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા અને ચૌધરી શિક્ષણ સંકુલના સંચાલક હરિભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો જેમાં શૌર્ય પ્રદર્શન, રાજસ્થાની નૃત્ય સહિત વિવિધ પરંપરાગત નૃત્યો, રેટ્રો થીમ આધારિત ફેશન શો વગેરે વિવિધ કૃતિઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીગણ અને પ્રિન્સિપાલ ડો.દિશા પોપટ પણ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમમાં તમામ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# રાજકોટ શહેરની નાઈટ મેરેથોનમાં ગાંધીનગર રનર્સનો વિજયી દેખાવ




ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર રનર્સ ગ્રૂપના રનર્સ રાજકોટ શહેરમાં આયોજિત નાઈટ મેરેથોનમાં ભાગ લેવા ગયાં હતાં. હાફ મેરેથોનમાં અને દસ કિલોમીટર રનમાં ગાંધીનગર રનર્સ જગત કારાણી, મિતેષ ગજ્જર, પિંકી જહા, જીગ્નેશ ભરવાડ, રજનીકાંત પરમાર, રાજશ્રી પરમાર, જીગ્નાશા ઠુમ્મર અને જતીન પટેલે ભાગ લઈ ફિનીશરનો મૅડલ મેળવ્યો હતો. આ મેરેથોનમાં દસ કિલોમીટર રનમાં પિંકી જહા અને રાજશ્રી પરમાર વિજેતા જાહેર થયા હતા અને એમને ટ્રોફી અને રોકડ રકમથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં.



કલેહર માતાના મંદિરે ખોડીયાર મંડળની બહેનોના સૌજન્યથી આનંદના ગરબા યોજાયા. ચૈત્રી નવરાત્રિ નિમિત્તે વોર્ડ-૮ ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી અને વોર્ડ-૮ ની બહેનોએ કાલે કલેહર માતાના મંદિરે ખોડીયાર મંડળની બહેનો અને બીનાબેન ભટ્ટના સૌજન્યથી આનંદના ગરબા કરી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું હતું.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ભાવસાર પ્રવિણચંદ્ર મંગળદાસ - ૬૮, ગાંધીનગર
- સ્વ. ચૌહાણ ઉદયસિંહ ભલાજી - ૫૮, ગાંધીનગર
- સ્વ. પટેલ કાંતિલાલ રમણભાઈ - ૮૧, ગાંધીનગર
- સ્વ. પુરોહિત કાંતાબેન રમણભાઈ - ૮૬, ગાંધીનગર
- સ્વ. ભરવાડ જકશીભાઈ મોતીભાઈ - ૭૫, ગાંધીનગર